# શ્રી ૪૭ શક્તિઓ

## મંગલાચરણ

(દોહરા)

તીર્થંકર મહાવીરજી દિવ્યધ્વનિ દાતાર,
ગૌતમ ગણધરને અહો! વંદુ વારંવાર.
કુંદકુંદ આચાર્ય ને અમૃતચંદ્ર મહાન,
પંચમ કાળ મહીં અહો! શાસનના આધાર;
સમયસાર રચ્યું અહો! પરમાગમ અભિરામ,
આત્મખ્યાતિમાં તેહના ખોલ્યાં ઊંડા ભાવ.
વર્તમાન આ કાળમાં વિશ્વગુરુનો યોગ!
વચનસુધા વરસાવીને આપ્યો સરળ સુબોધ.
ઝીલ્યા હું એ બોધને નિજ અનુભવ પ્રમાણ,
ગુરુને વંદીને અહો! ઉછળે મુજ પુરુષાર્થ.
હું છું જ્ઞાયકભાવ એ નાદ અહો નિશદિન,
ગાજે રોમેરોમમાં, હું ભગવાન ઈશ્વર.

**ઉપોદ્ઘાત:** અનેકાંતમય આત્મા જ્ઞાનમાત્ર કહાય,
જ્ઞાન તણા લક્ષણ વડે લક્ષ્ય પ્રસિદ્ધિ થાય;
જ્ઞાન સાથે યુગપદ રહે ધર્મ અનંત અનંત,
શક્તિ મહીં ઉછળે અહો! શક્તિ અનંતાનંત.

## ૪૭ શક્તિઓ

(૧) **જીવત્વશક્તિ**: 'આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ (આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ) જ્ઞાનમાત્ર ભાવમાં - આત્મામાં - ઉછળે છે:-

અનંત દર્શન જ્ઞાન ને વીર્યાનંદ અનંત-
ભાવપ્રાણ ધારણ કરે, જીવત્વશક્તિ કંત;
કારણભૂત છે આત્મનો આ ચેતનમય ભાવ,
ઉછળે જ્ઞાનમહીં અહો! તેનો મહિમા લાવ. ૧.

(૨) **ચિતિશક્તિ**: 'અજડત્વરૂપ ચિતિશક્તિ (અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે એવી ચિતિશક્તિ)':-

અજડસ્વરૂપ છે અહો! ચિતિશક્તિ તું જાણ,
રાગદ્વેષમોહાદિ તો ચેતનહીન જડ ભાવ;

નિજને જોતે જે સદા તેને જોતા નાથ,
ચિતિશક્તિ ધરનારનો મહિમા અપરંપાર. ૨.

③ **દૃશિશક્તિ**: 'અનાકાર ઉપયોગમયી દૃશિશક્તિ (જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી એવા દર્શનોપયોગમયી—સત્તામાત્ર પદાર્થમાં ઉપયુક્ત થવારૂપ—દૃશિશક્તિ અર્થાત્ દર્શનક્રિયારૂપ શક્તિ)':—

અનાકાર ઉપયોગમય દૃશિશક્તિ છું નાથ,
જ્ઞેયરૂપ આકારપણું ગ્રહણ કરે નહિ સાથ;
ભેદને તે દેખે નહીં, દેખે તે સત્તા જ,
વિશેષવિણ સામાન્યનો તેમાં છે પ્રતિભાસ. ૩.

④ **જ્ઞાનશક્તિ**: 'સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ (જે જ્ઞેય પદાર્થોના વિશેષોરૂપ આકારોમાં ઉપયુક્ત થાય છે એવી જ્ઞાનોપયોગમયી જ્ઞાનશક્તિ)':—

જ્ઞાનશક્તિ ઉપયોગમય વળી તે સાકાર,
જ્ઞેયરૂપ આકાર સૌ તેમાં ભિન્ન ગ્રહાય;
દ્રવ્ય ગુણ પર્યાય ને સર્વ સ્વ-પર પદાર્થ,
વિશેષરૂપ જાણે બધાં ભેદ સહિત જણાય. ૪.

⑤ **સુખશક્તિ**: 'અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ':—

લક્ષણ સુખશક્તિ તણું અનાકુળતા જાણ,
આકુળતા ત્યાં સુખ નહિ, પણ દુઃખનું એંધાણ;
વૃત્તિના ઉત્થાન વણ સુખશક્તિ વેદાય,
શ્રદ્ધા ને ચારિત્ર પણ આ સુખમાં જ સમાય. ૫.

⑥ **વીર્યશક્તિ**: 'સ્વરૂપ(-આત્મસ્વરૂપની) રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ':—

રચના કરે સ્વરૂપની વીર્યશક્તિ સ્વભાવ,
નિર્મળ પર્યાયો રચે વીર્ય તણી તાકાત;
કરે પુણ્ય-પાપાદિ તે વીર્યહીન કહેવાય,
[ સમજે આ જે સુરીતે સ્વરૂપમાં સ્થિત થાય. ૬.
જે સમજે આ શક્તિને સ્વરૂપમાં સ્થિર થાય.

⑦ **પ્રભુત્વશક્તિ**: 'જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી (-સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશક્તિ':—

શોભે સ્વાધીનતા થકી અખંડિત પ્રતાપ,
એવું લક્ષણ જેહનું પ્રભુત્વશક્તિ અમાપ;
અકંપિત પ્રતાપવંત પ્રભુ છો આતમરામ,
નિરર્થક તું ના કર મોહાદિકનો આમ. ૭.

⑧ **વિભુત્વશક્તિ**: 'સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ (જેમ કે, જ્ઞાનરૂપ એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે)':—

વ્યાપક સર્વ ભાવમાં એક ભાવરૂપ જેહ,
વિભુત્વશક્તિ આત્મમાં - વિભવરનો સંદેશ;
રહીને નિજ પ્રદેશમાં વ્યાપે લોકાલોક,
જ્ઞાનભાવ તારો વિભુ! ભજ નિજને અવલોક. 8.

⑨ **સર્વદર્શિત્વશક્તિ**: 'સર્વ વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ.':—

દેખે વિશ્વ સમસ્તને સત્તામાત્ર અભેદ,
વિશેષ નહિ સામાન્યને સહજ ગ્રહે છે જેહ;
પરદર્શનમય જે નહીં, નિજ દર્શનમય તેહ,
એવી શક્તિને અહો! સર્વદર્શી કહેત. 9.

⑩ **સર્વજ્ઞત્વશક્તિ**: 'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.':—

જાણે વિશ્વ તમામ અહો! સમસ્ત ભાવ વિશેષ,
દ્રવ્ય ગુણ પર્યાયને જાણે વળી પ્રત્યક્ષ;
આત્મજ્ઞાનમય શક્તિ તે પરથી છે નિરપેક્ષ,
આવી અદ્ભુત શક્તિને સર્વજ્ઞત્વ કહેત. 10.

⑪ **સ્વચ્છત્વશક્તિ**: 'અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ. (જેમ દર્પણની સ્વચ્છત્વશક્તિથી તેના પર્યાયમાં ઘટપટાદિ પ્રકાશે છે, તેમ આત્માની સ્વચ્છત્વશક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે).':—

અમૂર્ત આત્મપ્રદેશમાં ઝળકે લોકાલોક,
તેનાથી મેચક થતો આત્માનો ઉપયોગ;
એવું લક્ષણ જેહનું સ્વચ્છત્વશક્તિ થાય,
ઘટપટ જ્યો દર્પણ તણા દૃષ્ટાંતે સમજાય. 11.

⑫ **પ્રકાશશક્તિ**: 'સ્વયં પ્રકાશમાન વિશદ (સ્પષ્ટ) એવી સ્વસંવેદનમયી (સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.':—

સ્વયં પ્રકાશિત જે વિશદ સ્વસંવેદનરૂપ,
એવી સ્વાનુભવમયી પ્રકાશ શક્તિ અનૂપ;

આ શક્તિને જાણીને નિજનું કર તું ભાન,
અંતરમાં અંતર્મુખ થઈ કર અનુભવ પ્રકાશ. ૧૨.

(૧૩) અસંકુચિતવિકાસત્વશક્તિ: 'ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવા ચિદ્વિલાસરૂપ (આત્માના વિલાસરૂપ) અસંકુચિતવિકાસત્વશક્તિ':—

ક્ષેત્ર-કાળ સીમા રહિત ચિદ્વિલાસરૂપ જાણ,
અસંકુચિતવિકાસત્વ શક્તિ એ જ કહેત;
તું પામર રાંક નહિ, નહિ પરિમિત હીન દીન,
અખંડ તુજ સામર્થ્ય છે, થા નિજમાં તું લીન. ૧૩.

(૧૪) અકાર્યકારણત્વશક્તિ: 'જે અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક દ્રવ્યસ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ. (જે અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી એવું જે એક દ્રવ્ય તે સ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ)':—

કરાય જે નહિ અન્યથી, પરને કરે ન કંઈ,
એવા એક જ દ્રવ્યરૂપ શક્તિ પણ સમજાય;
અકાર્યકારણ નામ તે શક્તિનું કહેવાય,
દ્રવ્ય ગુણ પર્યાય સૌ નિજના નિજથી થાય. ૧૪.

(૧૫) પરિણમ્યપરિણામકત્વશક્તિ: પર અને પોતે જેમના નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તથા જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્ય-પરિણામકત્વશક્તિ. (પર જેમના કારણ છે એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના અને પોતે જેનું કારણ છે એવા જ્ઞાનાકારોને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્ય-પરિણામકત્વશક્તિ)':—

પરજ્ઞેયોને જે ગ્રહે - પરિણમ્ય કહેવાય,
ગ્રહણ કરાવે અન્યને - પરિણામકત્વ થાય;
પરિણમ્યપરિણામકત્વ શક્તિનું રૂપ જાણ,
જ્ઞાન-જ્ઞેયરૂપે સહજ સૌના છે પરિણામ. ૧૫.

(૧૬) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ: 'જે ~~કાંઈ~~ ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ) ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ':—

ઘટતું-વધતું જે નહિ એવું આત્મસ્વરૂપ,
તેમાં નિયતપણે રહે એવું જેનું રૂપ;
ઉપાદાન ને ત્યાગથી શૂન્ય શક્તિ કહેવાય,
પૂર્ણ અવિનાશી છે આત્મા તે સમજાય. ૧૬.

(૧૭) અગુરુલઘુત્વશક્તિ: 'ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમતો, સ્વરૂપ-

પ્રતિષ્ઠિતત્વના કારણરૂપ (-વસ્તુને સ્વરૂપમાં રહેવાના કારણરૂપ) એવો જે વિશિષ્ટ (-ખાસ) ગુણ તે-સ્વરૂપ અગુરુલઘુત્વશક્તિ. [આ ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિનું સ્વરૂપ "ગોમ્મટસાર" શાસ્ત્રમાંથી જાણવું. અવિભાગ પ્રતિચ્છેદોની સંખ્યારૂપ ષટ્સ્થાનોમાં પડતી - સમાવેશ પામતી - વસ્તુસ્વભાવની વૃદ્ધિહાનિ જેનાથી (-જે ગુણથી) થાય છે અને જે (ગુણ) વસ્તુને સ્વરૂપમાં સ્થિર થવાનું કારણ છે એવો કોઈ ગુણ આત્મામાં છે; તેને અગુરુલઘુત્વ કહેવામાં આવે છે. એવી અગુરુલઘુત્વશક્તિ પણ આત્મામાં છે.]' :—

ષટ્ગુણહાનિવૃદ્ધિમય અનંતસ્વભાવ થાય,
સ્વરૂપ-પ્રતિષ્ઠામાં વળી કારણરૂપ તે થાય;
અગુરુલઘુત્વશક્તિ એ વિશેષ ગુણનું નામ,
તે આત્મારામ ગુણ તે આત્માનો તું જાણ. ૧૭.

(૧૮) <u>ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ</u>: 'ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ. (ક્રમવૃત્તિરૂપ પર્યાય ઉત્પાદવ્યયરૂપ છે અને અક્રમવૃત્તિરૂપ ગુણ ધ્રુવત્વરૂપ છે.)' :—

ક્રમ અક્રમ વૃત્તિરૂપે વર્તન જેનું થાય,
ઉત્પાદ વ્યય ધ્રુવમય એવી શક્તિ તે કહેવાય;
ગુણો ધ્રુવ સ્થિર રહે, ક્રમવર્તિત વ્યય થાય,
પરદ્રવ્ય-કર્મો તણી કિંચિત નહીં સહાય. ૧૮.

(૧૯) <u>પરિણામશક્તિ</u>: 'દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત (-સ્પર્શિત), સદૃશ અને વિસદૃશ જેનું રૂપ છે એવી એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ.' :—

ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદ ત્રિક દ્રવ્યસ્વભાવે માંય,
ધ્રૌવ્ય સદૃશ ઉત્પાદ-વ્યય વિસદૃશ જણાય;
એ ત્રણની સત્તા એવી! એક માત્ર સ્વભાવ,
શક્તિ અસ્તિત્વમાત્રમયી 'પરિણામ' કહેવાય. ૧૯.

(૨૦) <u>અમૂર્તત્વશક્તિ</u>: 'કર્મબંધના અભાવથી વ્યક્ત કરવામાં આવેલા, સહજ, સ્પર્શાદિશૂન્ય (-સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત) એવા આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તત્વશક્તિ.' :—

કર્મબંધ અભાવથી પ્રગટ વ્યક્ત જે થાય,
સ્પર્શ વર્ણ રસ ગંધાદિ જે બહુ શૂન્ય જણાય;
સહજ, આત્મપ્રદેશમય શક્તિને વેદાય,
અમૂર્તત્વશક્તિ એવી! તેનું નામ કહેવાય. ૨૦.

(21) **અકર્તૃત્વશક્તિ**: 'સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ (તે પરિણામોના કરવાની નિવૃત્તિસ્વરૂપ) અકર્તૃત્વશક્તિ. (જે શક્તિથી આત્મા જ્ઞાતાપણા સિવાયના, કર્મથી કરવામાં આવતા પરિણામોનો કર્તા થતો નથી, એવી અકર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે.):—

જ્ઞાતૃમાત્રથી ભિન્ન જે કર્મોદયથી થાય,
સર્વ વિકારી ભાવનો કર્તા કદી ન થાય;
અકર્તૃત્વશક્તિ અહો! એવી આત્મા માંય,
તેથી જ્ઞાની રાગનો કર્તા કદી ન થાય. 21.

(22) **અભોક્તૃત્વશક્તિ**: 'સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા પરિણામોના અનુભવના (-ભોગવટાના) ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ.':—

જ્ઞાતૃમાત્રથી ભિન્ન જે કર્મોદયથી થાય,
સર્વ વિકારી ભાવનો ભોક્તા કદી ન થાય;
અભોક્તૃત્વશક્તિ અહો! એવી આત્મા માંય,
તેથી જ્ઞાની રાગનો ભોક્તા કદી ન થાય. 22.

(23) **નિષ્ક્રિયત્વશક્તિ**: 'સમસ્ત કર્મના ઉપરમથી પ્રવર્તતી આત્મપ્રદેશોની નિષ્પંદતાસ્વરૂપ (-અકંપતાસ્વરૂપ) નિષ્ક્રિયત્વશક્તિ. (સમસ્ત કર્મનો અભાવ થાય ત્યારે પ્રદેશોનું કંપન મટી જાય છે માટે નિષ્ક્રિયત્વશક્તિ પણ આત્મામાં છે.):—

સર્વ આત્મપ્રદેશની અકંપતારૂપ ભાવ,
સમસ્ત કર્મ ઉપરમથી પ્રગટે તે નિજભાવ;
નિષ્ક્રિયત્વશક્તિ તણું આવું રૂપ જાણ,
અનુપમ નિજ આતમનો અકંપતા પ્રમાણ. 23.

(24) **નિયતપ્રદેશત્વશક્તિ**: 'જે અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તારથી લક્ષિત છે અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે એવું લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું જેનું લક્ષણ છે એવી નિયતપ્રદેશત્વશક્તિ. (આત્માના લોકપરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે. તે પ્રદેશો સંસાર-અવસ્થામાં સંકોચવિસ્તાર પામે છે, અને મોક્ષ-અવસ્થામાં ચરમ શરીર કરતાં કાંઈક ઓછા પરિમાણે સ્થિત રહે છે.)':—

લોકપ્રમાણ અસંખ્ય જે નિયત પ્રદેશ જ હોય,
વધે ઘટે અવગાહના જો સંસારે હોય;
ચરમ શરીરથી ન્યૂન રહે, સિદ્ધ અવસ્થા જાણ;
નિયતપ્રદેશત્વશક્તિનું આવું રૂપ પ્રમાણ. 24.

(૨૫) <u>સ્વધર્મવ્યાપકત્વશક્તિ</u>: 'સર્વ શરીરોમાં એકસ્વરૂપાત્મક એવી સ્વધર્મવ્યાપકત્વશક્તિ. (શરીરના ધર્મરૂપ ન થતાં પોતાનાં ધર્મોમાં વ્યાપવારૂપ શક્તિ તે સ્વધર્મવ્યાપકત્વશક્તિ.

ધારે શરીર અનેક પણ વ્યાપે તેમાં નહિ,
એકસ્વરૂપાત્મક રહી સ્વધર્મવ્યાપક હોય;
સ્વધર્મવ્યાપકશક્તિને વિચાર વારંવાર,
સ્વધર્મમાં સ્થિત આતમનો ઠર સમ્યક્ નિર્ધાર. ૨૫.

(૨૬) <u>સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણધર્મત્વશક્તિ</u>: 'સ્વ-પરના સમાન, અસમાન અને સમાનાસમાન એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણસ્વરૂપ સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણધર્મત્વશક્તિ.'

આત્મા ને પરદ્રવ્યનાં ગુણો થઈ ~~[illegible]~~ સમાન,
થઈ સમાન વળી અને થઈ ઉભય પ્રકાર;
અમૂર્ત ને સત્ ચિત્ તું ધારે શક્તિ ત્રિવિધ.
ધ્યાવ શક્તિભાવને ઠરજે આતમ પ્રસિદ્ધ. ૨૬.

(૨૭) <u>અનંતધર્મત્વશક્તિ</u>: 'વિલક્ષણ (-પરસ્પર ભિન્ન લક્ષણોવાળા) અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ જેનું લક્ષણ છે એવી અનંતધર્મત્વશક્તિ.:–

ભિન્ન ભિન્ન લક્ષણ સહિત અનંત ગુણ-સ્વભાવ,
'અનંતધર્મત્વ'થી ભાવિત એક જ ભાવ;
એકરસ હોય અનંત પણ અભેદ એક જ તત્ત્વ,
ધાર ધાર પહોંચાડવા લાયક છે આ વાત. ૨૭.

(૨૮) <u>વિરુદ્ધધર્મત્વશક્તિ</u>: 'તદ્રૂપમયપણું અને અતદ્રૂપમયપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધધર્મત્વશક્તિ.':–

સ્વભાવથી તદ્રૂપ ને પરથી અતદ્રૂપ સદાય,
તત્-અતત્ ધર્મો ધારે આત્મા એક જ સાથ;
શાશ્વત ટકતપણે રહે બદલાતો પણ જાય,
'વિરુદ્ધધર્મત્વ' અહો! તે શક્તિ કહેવાય. ૨૮.

(૨૯) <u>તત્ત્વશક્તિ</u>: 'તદ્રૂપ ભવનરૂપ એવી તત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ હોવારૂપ અથવા તત્સ્વરૂપ પરિણમનરૂપ એવી તત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી ચેતન ચેતનપણે રહે છે–પરિણમે છે.)':–

તદ્રૂપે પરિણમનરૂપ તત્ત્વશક્તિ કહેવાય,
નિજ પર્યાયરૂપે આત્મા તેહ થાય;
સ્વભાવમાં તદ્રૂપ થઈ પરિણમવું તે ધર્મ,
સમજ તે તદ્રૂપમાં આતમપ્રાપ્તિનો મર્મ. ૨૯.

(૩૦) <u>અતત્ત્વશક્તિ</u>: 'અતદ્રૂપ ભવનરૂપ એવી અતત્ત્વશક્તિ. (તત્સ્વરૂપ ન હોવારૂપ આત્મા તત્ત્વરૂપે નહિ પરિણમવારૂપ અતત્ત્વશક્તિ આત્મામાં છે. આ શક્તિથી એ જડરૂપે થતો નથી.)':—

અતદ્રૂપે ભવનરૂપ અતત્ત્વશક્તિ કહેવાય,
શુભ-અશુભ ભાવો પણ આત્મા તેરૂપ ન થાય;
કર્મનાં બંધ ફળ જે ઉદય આદિનમાં ન્હોય,
આત્મામાં તેમ આવરણ, ઉદય, અશુદ્ધિ ન્હોય. ૩૦.

(૩૧) <u>એકત્વશક્તિ</u>: 'અનેક પર્યાયોમાં વ્યાપક એવા એકદ્રવ્યમયપણારૂપ એકત્વશક્તિ.':—

નિજ પર્યાયો અનેક, તેમાં વ્યાપક જે છે,
એકદ્રવ્યમયતારૂપ એકત્વશક્તિ કહે;
વ્યાપે ભેદોમાં ભલે, ભેદરૂપે નવ થાય,
દ્રવ્યપણે એક જ રહે, કદી અનેક ન થાય. ૩૧.

(૩૨) <u>અનેકત્વશક્તિ</u>: 'એક દ્રવ્યથી વ્યાપ્ય (વ્યાપવાયોગ્ય) જે અનેક પર્યાયો તે-મયપણારૂપ અનેકત્વશક્તિ.':—

નિજ પર્યાયો અનેક, દ્રવ્યથી જેહ વ્યપાય,
તે-મયતારૂપ શક્તિને 'અનેકત્વ' કહેવાય;
એકપણે રહેતો છતાં અનેકરૂપે થાય,
અનેકાન્ત છે અહો! અદ્ભુત આત્મસ્વભાવ. ૩૨.

(૩૩) <u>ભાવશક્તિ</u>: 'વિદ્યમાન-અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ. (અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય એવાપણારૂપ ભાવશક્તિ.)':—

વિદ્યમાન હોય જ સદા વર્તમાન પર્યાય,
એવું નિત્ય જેહનું 'ભાવશક્તિ' કહેવાય;
નિજ પર્યાયો સ્વયં આ શક્તિથી થાય,
નહીં નિમિત્ત નહિ રાગથી, આત્મામાં તે થાય. ૩૩.

(૩૪) <u>અભાવશક્તિ</u>: 'શૂન્ય (અવિદ્યમાન) અવસ્થાવાળાપણારૂપ અભાવશક્તિ. (અમુક અવસ્થા જેમાં અવિદ્યમાન હોય એવાપણારૂપ અભાવશક્તિ.)':—

દ્રવ્ય-ભાવકર્મો અને પૂર્વોત્તર પર્યાય,
અભાવ તે તેનો આત્મામાં સદાય;
અમુક અવસ્થાથી અહો! આત્મા શૂન્ય જણાય,
અભાવશક્તિનું કાર્ય નિહાળ તેને ભાળ. ૩૪.

(૩૫) <u>ભાવાભાવશક્તિ</u>: 'ભવતા (-વર્તતા, હોતા, પરિણમતા) પર્યાયના વ્યયરૂપ ભાવાભાવશક્તિ.':—

પરિણમતા પર્યાયના વ્યયરૂપ શક્તિ સ્વભાવ,
'ભાવાભાવ' કહ્યું અહો! તે શક્તિનું નામ;
અનાદિકાલિન ભ્રાંતિને ટાળ્યો મિથ્યાભાવ,
આ ટાણે, ટાળવું ઘટે, ~~ફક્ત~~ વિભાવો નું અભાવ. ૩૫.

(૩૬) <u>અભાવભાવશક્તિ</u>: 'નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના ઉદયરૂપ અભાવભાવશક્તિ.':—

નહિ ભવતા પર્યાયના ઉદયરૂપ સ્વભાવ,
'અભાવભાવ' કહ્યું અહો! તે શક્તિનું નામ;
અલ્પજ્ઞાની તું છો ભલે, પામશે કેવળજ્ઞાન,
પામર પદ અરિહંત તું, રાખ્ય મહિમા નિર્વાણ. ૩૬.

(૩૭) <u>ભાવભાવશક્તિ</u>: 'ભવતા (વર્તતા) પર્યાયના ભવનરૂપ (વર્તવારૂપ, પરિણમવારૂપ) ભાવભાવશક્તિ.':—

વર્તમાન પર્યાય જે નિશ્ચિત ભવનસ્વરૂપ,
ફરી ફરી ભવશે તે અહો! નિશ્ચિત નિશ્ચિતરૂપ;
પ્રગટ્યું સમકિત તે હવે મિથ્યા કદી ન થાય,
આવા શક્તિને અહો! 'ભાવભાવ' કહેવાય. ૩૭.

(૩૮) <u>અભાવાભાવશક્તિ</u>: 'નહિ ભવતા (નહિ વર્તતા) પર્યાયના અભવનરૂપ (નહિ વર્તવારૂપ) અભાવાભાવશક્તિ.':—

નહીં ભવતા પર્યાયના ભવનરહિત સ્વભાવ,
તે શક્તિ કહેવાય છે 'અભાવઅભાવ' નામ;
અભાવ રાગ તણો અહો! ધર્મીને જ થાય,
અભાવ તે વર્તે સદા સિદ્ધદશાની માંય. ૩૮.

(૩૯) <u>ભાવશક્તિ</u>: '(કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી, થવામાત્રમયી) ભાવશક્તિ.':—

ષટ્કારક અનુસાર જે ક્રિયા બહારી થાય,
રહિતપણે તેનાથી જે ભવન શક્તિને થાય;
એવા ભવનમયી અહો! ભાવશક્તિ કહેવાય,
શક્તિ નહિ બહારનો ટાણા રહે સદાય. ૩૯.

(૪૦) <u>ક્રિયાશક્તિ</u>: 'કારકો અનુસાર થવાપણારૂપ (-પરિણમવાપણારૂપ) જે ભાવ તન્મયી ક્રિયાશક્તિ.':—

ષટ્ કારક અનુસાર જે પરિણમનારૂપ ભાવ,
તે-મય શક્તિને કહો! ક્રિયાશક્તિ સ્વભાવ;
તારા નિજના કારકો તુજમાં હોય નિવાસ,
તે-રૂપ પરિણમ તું હવે મોક્ષમાર્ગ પ્રકાશ. ૪૦.

(૪૧) **કર્મશક્તિ**: 'પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ તે-મયી કર્મશક્તિ.':-
સિદ્ધરૂપ જે ભાવને પ્રગટ પ્રાપ્ત કરાય,
તે-મય શક્તિને કહો! કર્મશક્તિ કહેવાય;
એ શક્તિરૂપ સ્વભાવથી નિજનો પ્રગટે થાય,
પ્રગટ સિદ્ધ તેથી તું નિજ નિધાન સંભાળ. ૪૧.

(૪૨) **કર્તૃશક્તિ**: 'થવાપણારૂપ અને સિદ્ધરૂપ ભાવના ભાવકપણામયી કર્તૃશક્તિ.':-
થવાપણા જે સિદ્ધરૂપ ભાવ પ્રગટ જે થાય,
તેના ભાવકપણામયી કર્તૃશક્તિ કહેવાય;
કર્તા તન્મય થઈ સ્વયં ભાવકરૂપે થાય,
જ્ઞપ્તિ આદિ ભાવનો આત્મા કર્તા થાય. ૪૨.

(૪૩) **કરણશક્તિ**: 'ભવતા (-વર્તતા, થતા) ભાવના ભવનના (-થવાના) સાધકતમપણામયી (-ઉત્કૃષ્ટ સાધકપણામયી, ઉગ્ર સાધનપણામયી) કરણશક્તિ.':-
ભવતા નિજના ભાવનું ભવન કહો! જે થાય,
તેના સાધકતમમયી કરણશક્તિ કહેવાય;
ભાઈ! ખોજે શેમાં, તારું સાધન તું જ,
છોડી રાગ-નિમિત્તને, થા નિજની સન્મુખ. ૪૩.

(૪૪) **સંપ્રદાનશક્તિ**: 'પોતાથી દેવામાં આવતો જે ભાવ તેના ઉપેયપણામયી (-તેને લેવાના યોગ્યપણામય, તેને લેવાના પાત્રપણામય) સંપ્રદાનશક્તિ.':-
પોતાથી દેવાય જે નિજને સ્વયમ્ ભાવ,
તેના પાત્રપણામયી શક્તિ આત્મા માંહ્ય;
સંપ્રદાનશક્તિ કહો! તેનું નામ કહેવાય,
દાતા, દાન, સુપાત્ર તું અંતર્દૃષ્ટિ માંહ્ય. ૪૪.

(૪૫) **અપાદાનશક્તિ**: 'ઉત્પાદ-વ્યયથી આલિંગિત ભાવનો અપાય (-હાનિ, નાશ) થવાથી હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી અપાદાનશક્તિ.':-
ઉત્પાદવ્યય ભાવનો ક્ષણ ક્ષણ હોય વિનાશ,
અપાદાનશક્તિ કહો! ધ્રુવમયી અવિનાશ;

નિયત રહિત આતમ તેહ છું અસંગ,
નિજનો પર્યાય પ્રગટશે સાદિ અનંત અનંત. ૨૫.

(૨૬) અધિકરણશક્તિ: 'ભાવ્યમાન (અર્થાત્ ભાવવામાં આવતા) ભાવના આધારપણામયી અધિકરણશક્તિ.':-

ભાવ્યમાન સૌ ભાવના આધારમયસ્વરૂપ,
અધિકરણ શક્તિ થકી નિરાલંબ તુજ રૂપ;
ભારી ગમ અધિકરણાદિ ધારની ક્રિયાનિ થાય,
આતમના આશ્રય થકી નિર્મળ પર્યાય થાય. ૨૬.

(૨૭) સંબંધશક્તિ: સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી સંબંધશક્તિ. (પોતાનો ભાવ પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી-એવા સંબંધમયી સંબંધશક્તિ.):-

દ્રવ્ય, ગુણ, પરિણમન શુદ્ધ - નિજસ્વભાવ કહેવાય,
તેનો સ્વામી આતમા - સંબંધશક્તિ માંય;
બાકી સ્વામી તું નહિ તો સ્વભાવમાત્ર નિભાય,
સ્વસ્વામિસંબંધમય શક્તિ ત્યાં વેદાય. ૨૭.

ઉપસંહાર:

દરેક શક્તિમાં રહે નિજ નિજનું જ સ્વરૂપ,
તે અનંત શક્તિ મહીં વ્યાપે તેનું રૂપ;
આતમ અનંતી શક્તિઓ ઊછળે જે સુખદાય,
શક્તિ, શક્તિવાનનો ભેદ જ્યાં સમજાય.
વ્યાપે દ્રવ્ય-ગુણે મહીં સર્વ શક્તિ સદાય,
અભેદને અનુભવતા, વ્યાપે પર્યાય માંય.
આ છે આચાર્ય તણી અનુપમ અમૂલ્ય ભેટ,
"આમાં ખાણો છે અહો! ત્રિલોકીના પેટ".

ગુરુવંદના:

કહાનગુરુ-પ્રવચન અહો! શ્રુતના સિંધુ સમાન,
અંતર અનુભવથી અહો! આનંદ ઊભરાય;
આતમખ્યાતિ મહીં કહ્યો શક્તિનો અધિકાર,
સાર કહી તેનો કર્યો અહો! અહો! ઉપકાર;
આવા દેશના પામવા તે મારું સદ્ભાગ્ય,
ચિત્ત ભાવે ભક્તિથી વંદુ હું ગુરુપાદ.

| શક્તિનો પ્રકાર | પર્યાય ? | પ્રગટપણું ? | સાપેક્ષ/નિરપેક્ષ |
|---|---|---|---|
| ગુણ | Yes | No | નિરપેક્ષ |
| ધર્મ | No | Yes | સાપેક્ષ |
| સ્વભાવ | No | No | નિરપેક્ષ. |